દહેગામમાં પાણી-ગટર-રોડ મુદ્દે આમ આદમી પાર્ટીની રજુઆત

ગાંધીનગર, તા. ૨૬

આમ આદમી પાર્ટીની ટીમ દ્વારા દહેગામમાં ખાડા વિસ્તારમાં આપવામાં આવતાં અપુરતા પાણી પુરવઠા અને ગટરની સુવિધા અંગે સ્થાનિક વસાહતીઓની માંગણીને વાચા આપવા નગરપાલિકામાં ચીફ ઓફિસર સાથે સ્થાનિક મહિલાઓને સાથે રાખીને મુલાકાત કરવામાં આવી હતી અને સમસ્યાઓ અંગે લેખિત રજુઆત કરાઈ હતી જેના જવાબમાં તંત્રએ સકારાત્મક પ્રતિભાવ આપીને સમસ્યાઓને સત્વરે ઉકેલવાની ખાત્રી આપી હતી. આ ઉપરાંત દહેગામ તાલુકામાં રખિયાલ અને વાસણા રાઠોડના રોડ રસ્તાની બિસ્માર હાલતને ધ્યાનમાં લઈને આમ આદમી પાર્ટી દ્વારા મામલતદારને આજરોજ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આજરોજ દહેગામ શહેરની અંદર વોર્ડ નંબર-૨માં ખાડાના એરિયાના ભાગમાં આશરે ૭૦થી વધુ મકાનો છે તેમાં હજુ સુધી સરકાર દ્વારા જે જાહેરાતો કરવામાં આવે છે કે હર ઘર મે જલ ની સુવિધા અને પાણીના કનેકશન હોવા છતાં પણ પાણી પૂરું પાડવામાં આવતું નથી અને ગટરો ની વ્યવસ્થા પણ હજુ સધી સરકાર કે નગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવી નથી આકારણી પ્રમાણે ઘણાં મકાનો દ્વારા વેરો પણ ભરવામાં આવે છે તેમ છતાં પણ તેઓ પાયાની સુવિધાથી વંચિત છે. વિવિધ રજૂઆતોને ધ્યાનમાં લઈને મહિલાઓ દ્વારા આજરોજ નગરપાલિકામાં ચીફ ઓફિસર સાથે મુલાકાત કરી હતી અને રજુઆત કરવામાં આવી હતી ત્યારે અધિકારી દ્વારા બાંહેધરી આપવામાં આવી હતી કે આગામી બે મહિનાની અંદર નવી ગટરનું કામકાજ ચાલુ થઈ જશે અને નર્મદાનું પાણી શહેરમાં જે પૂરું પાડવામાં આવે છે તેનું સમારકામ બે દિવસથી ચાલતુ હોવાથી પાણીની અગવડતા ઉભી થઈ હતી તે હવે ટૂંક સમયમાં તેનું નિવારણ આવી જશે અને પાણી પણ રાબેતા મુજબ કરવામાં આવશે તેવી બાંહેધરી નપાના એન્જિનિયર તરફથી પણ આપવામાં આવી હતી.

૩૦મીએ એક સાથે ત્રણ પર્વ ઉજવાશે

સોમવતી અમાસ, શનિ જન્મોત્સવ અને વટસાવિત્રી વ્રતનો સંયોગ : શનિ પોતાની જ કુંભ રાશિમાં રહેશે, શનિથી પીડિત વ્યક્તિઓ માટે ખાસ યોગ

ગાંધીનગર, તા. ૨૬

૩૦ મે ના રોજ શનિ જયંતિ અને સૌભાગ્ય આપનાર વટ સાવિત્રી અમાસ છે. આ દિવસે સોમવાર હોવાથી સોમવતી અમાસનો શુભ સંયોગ બની રહ્યો છે. આ દિવસે શનિદેવ પોતાની જ રાશિ કુંભમાં રહેશે. જ્યોતિષીઓના મત પ્રમાણે આ યોગ શનિથી પીડિત લોકો માટે ખાસ છે જ્યારે તેઓ શનિ આરાધના અને અસહાયોની સેવા કરી રોગ અને તમામ પીડાઓથી મુક્તિ મેળવી શકે છે.

વટ સાવિત્રી વ્રત દર વર્ષે કૃષ્ણ પક્ષની અમાસના દિવસે આવે છે. આ વર્ષે આ તારીખ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે ઘણા વર્ષો પછી ૩૦ મે ના રોજ સોમવતી અમાસનો શુભ સંયોગ બની રહ્યો છે. આ દિવસે કરવામાં આવતા ઉપવાસ, પૂજા-પાઠ, સ્નાન અને દાન વગેરે અખૂટ ફળ આપે છે. વટ સાવિત્રી વ્રત સૌથી કઠિન ઉપવાસોમાંનું એક માનવામાં આવે છે. આ દિવસે પરિણીત મહિલાઓ પોતાના પતિના લાંબા આયુષ્ય માટે વ્રત રાખે છે.

શનિ જયંતિએ શું કરવું

વૈશાખ અમાસના દિવસે શનિદેવનો પ્રકટોત્સવ છે. તેમની કૃપા મેળવવાનો એક સહજ ઉપાય એવો પણ છે કે જરૂરિયાતમંદોને મદદ કરવી, શનિ પ્રતિમાને સરસિયાનું તેલ ચઢાવીને દાન-પુણ્ય કરો, લોટની ગોળી બનાવીને તળાવમાં માછલીઓ માટે નાખવી, સમડાનો છોડ ઘરમાં વાવો અને દાન પણ કરો.

સોમવતી અમાસનું મહત્વ

આ સંયોગના દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરવાની પરંપરા છે. મંદિરોમાં દર્શન કરવા જોઈએ, પૂજા-પાઠ અને દાન કરવું જોઈએ, નદીમાં સ્નાન કરી શકો નહી તો ઘરના પાણીમાં ગંગાજળ મિક્સ કરીને નાહવાથી તેનું પુણ્ય મળશે, સૂર્યને અર્ધ્ય આપવું, સ્નાન કર્યા બાદ જરૂરિયાતમંદોને અનાજ અને ગૌશાળામાં ધન અને લીલું ઘાસ દાન કરવુ, અમાસના દિવસે પિતૃઓ માટે ધૂપ-ધ્યાન કરો. હથેળીમાં જળ લો અને અંગૂઠા તરફથી પિતૃઓને અર્ધ્ય આપો.

વટ સાવિત્રી વ્રતનું મહત્વ

એવું માનવામાં આવે છે કે વટવૃક્ષની પૂજા કરવાથી દીર્ઘાયુષ્યનું ફળ, સુખ-સમૃદ્ધિ અને અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. પૌરાણિક માન્યતાઓ મુજબ આ દિવસે સાવિત્રીએ તેમના પતિ સત્યવાનનું જીવન યમરાજ પાસેથી પાછું લાવ્યું હતું. ત્યારથી મહિલાઓ તેમના પતિના લાંબા આયુષ્ય માટે આ દિવસે વ્રત રાખે છે.

વટ સાવિત્રી વ્રત મુહૂર્ત

અમાસ તિથિ શરૂ થાય છે - ૨૯ મે બપોરે ૦૨.૫૪ વાગ્યે અમાસ તિથિ સમાપ્ત થાય છે ૩૦ મે સાંજે ૦૪.૫૯ વાગ્યે

રાજ્યમાં કોરોનાના નવા ૩૧ કેસ

અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના નવા ૩૧ કેસ સામે આવ્યા છે. રાહતની વાત છે કે છેલ્લા ૨૪ કલાકમાં કોઈપણ દર્દીનું મૃત્યું થયું નથી. કોરોનાની સારવાર બાદ રાજ્યમાં વધુ ૧૯ લોકો સાજા થયા છે. ગુજરાતમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૪૪ લોકોના મોત થયા છે. જ્યારે કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૧૨,૧૩,૮૮૭ લોકો સાજા થઈ ચુક્યા છે. તો નવા કેસની સાથે રાજ્યમાં અત્યાર સુધી કોરોના સંક્રમણના ૧૨ લાખ ૨૫ હજાર ૩૫ કેસ નોંધાયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં ૧૩ કેસ નોંધાયા છે. વડોદરા શહેરમાં ૬, ગાંધીનગરમાં ૫, મહેસાણામાં ૫, ગીર સોમનાથ અને સુરતમાં એક-એક કેસ સામે આવ્યા છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૦૪ છે.

રાજ્યનો રિકવરી રેટ ૯૯.૦૯ ટકા છે. તો આજે સાંજે ૫ કલાક સુધીમાં ૮૧ હજાર ૪૫૪ વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા હતા. ગુજરાતમાં અત્યાર સુધી કોરોના વેક્સીનના કુલ ૧૦ કરોડ ૯૭ લાખ ૧૯ હજાર ૮૯૪ ડોઝ આપવામાં આવ્યા છે. જેમાં પ્રથમ અને બીજા બંને ડોઝનો સમાવેશ થાય છે.

પોસ્ટ વિભાગ દ્વારા વિવિધ પડતર પ્રશ્નો અંગે ડાક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે પોસ્ટ વિભાગના વિવિધ પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી હતી.

ગુજરાત ટાઈટન્સ ફાઈનલમાં આવતાં તમામ ટિકિટો વેચાઈ ગઈ

રવિવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં એક લાખ પ્રેક્ષકો માણશે આઇપીએલ-૨૦૨૨ની ફાઈનલ : ગાંધીનગર અનેક ચાહકો પ્રત્યક્ષ મેચ નિહાળવા જશે : ટિકિટ ના મળી હોય તેવા ચાહકોના છેલ્લી ઘડી સુધીના પ્રયાસો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સહિત દેશભરના ક્રિકેટપ્રેમીઓને ઘેલું લગાડનાર અને છેલ્લાં દોઢેક માસથી ચાલી રહેલી

આઈપીએલ-૨૦૨૨ની ફાઈનલ મેચના મુકાબલાની પ્રશંસકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. એમાં પણ આ વખતે પહેલીવાર રમી રહેલી ગુજરાત ટાઇટન્સ ટીમે ધમાકેદાર પરફોર્મન્સ કરવા સાથે સૌથી પહેલાં પ્લેઓફમાં અને હવે ફાઈનલમાં પણ પોતાનું સ્થાન સુરક્ષિત કરી દીધું છે જેના કારણે ગુજરાતી ક્રિકેટ રસિકોઓમાં સ્વાભાવિક રીતે જ ભારે ઉત્સાહનો માહોલ સર્જાયો છે. આ સંજોગોમાં આગામી તા.૨૯મી મે, રવિવારે અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાનારી ફાઈનલ મેચ પ્રત્યક્ષ નિહાળવા સૌ કોઈ તલપાપડ બન્યાં છે પરંતુ ઓનલાઈન મળતી ફાઈનલ મેચની તમામ ટિકિટો બુક થઈ ગઈ હોવાથી ટિકિટથી વંચિત રહી ગયેલા ગાંધીનગરના ક્રિકેટ ચાહકોમાં નિરાશા જોવા મળી છે.

આઈપીએલની ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે જેમાં હવે બીસીસીઆઈ તરફથી દર્શકોની ક્ષમતાને બાબતે જે પ્રતિબંધ લગાવાયાં હતા તેને હટાવી દેવામાં આવ્યા છે જેના કારણે એક લાખ ક્રિકેટ પ્રશંસકો સ્ટેડિયમમાં મેચનો આનંદ માણવા પહોંચશે. બીસીસીઆઈના ઓફિશિયલ ટિકિટ પાર્ટનર બુક માય શો પર ફાઈનલ મેચની ટિકિટ બુક કરવા જાવ તો તેના પર સોલ્ડ આઉટ લખેલું જોવા મળી રહ્યું છે એનો સીધો મતલબ એ છે કે ફાઈનલ મેચની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે. ગાંધીનગરમાં અનેક ક્રિકેટ રસિકોએ આઇપીએલની તા.૨૭મીએ રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે રમાનારી ક્વોલિફાયર-૨ મેચ માટે અગાઉથી બુકિંગ કરાવી દીધું હતું તેમ છતાં શહેરના અસંખ્ય ક્રિકેટ ચાહકો આ બંને મેચની ટિકીટ મેળવવાથી વંચિત રહી ગયાં છે. ગાંધીનગરના મોટા ભાગના ક્રિકેટ ચાહકો ગુજરાત ટાઇટન્સ ટીમ ફાઈનલમાં રમવાની હોવાથી તે મેચ પ્રત્યક્ષ નિહાળવા માંગે છે પરંતુ ટિકિટો મળતી ના હોવાથી તેઓ નિરાશ છે. જોકે ઘણાં બધા ક્રિકેટ રસિયાઓએ ગ્રૂપ બુકિંગ કરાવીને સાથે ફાઈનલ મેચનો આનંદ ઉઠાવવાનું જોરદાર પ્લાનિંગ પન કરી લીધું છે.

સ્પેશિયલ ફાઇનલ જોવા વિદેશથી ચાહકો આવશે

ગાંધીનગર અને અમદાવાદના ઘણાં પરિવાર એવા છે જેઓ વિદેશમાં સ્થાયી થયાં છે અને તેમાં મોટી સંખ્યામાં ક્રિકેટ રસિયાઓ છે. આ વખતે ગુજરાત ટાઇટન્સ ટીમ ફાઈનલમાં પંહોચી ગઈ હોવાથી તેને ચીઅર અપ કરીને ચેમ્પિયન બનાવવા ફાઈનલ મેચને પ્રત્યક્ષ નિહાળવા માંગે છે તેથી તેઓએ ઓનલાઈન બુકિંગ કરાવી લીધું છે અને ખાસ વિદેશથી તેઓ ફ્લાઈટમાં શનિવારે ગાંધીનગર આવીને રવિવારે મેચ નિહાળી સોમવારે પરત જવાની ફ્લાઈટ પકડીને રીટર્ન થઈ જશે. આ ક્રિકેટ રસિયાઓ માટે ગુજરાત ટાઇટન્સની ટીમના કારણે ફાઈનલ મેચનો રોમાંચ માણવાનો ક્રેઝ ખૂબ વધું જોવા મળી રહ્યો છે.

ટી-૨૦ લીગના નોકઆઉટ મુકાબલા કોલકાતા અને અમદાવાદમાં રમાશે. ક્વોલિફાયર-૧ અને એલિમિનેટર મુકાબલો ૨૪ અને ૨૫ મે ના રોજ કોલકાતાના ઈડન ગાર્ડન્સ પર રમાશે. જ્યારે ૨૭ મે ના રોજ ક્વોલિફાયર-૨ અને ફાઈનલ મુકાબલો અમદાવાદમાં રમાશે. ગત દિવસોમાં આ મેચની ટિકિટોનું વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું. ફાઈનલ મેચમાં હજુ થોડા દિવસોની વાર છે પણ ફાઈનલની ટિકિટ વેચાઈ ગઈ છે.

ક્રિપ્ટો કરન્સી બિટકોઈનમાં રોકાણકારોને લલચાવવા સોશિયલ મિડીયાનો ઉપયોગ

વ્હોટ્સપએપ ગ્રૂપમાં એડ કરીને તેમાં શેરબજારની જેમ રીસર્ચ આધારિત મોટો નફો કમાનારના મેસેજ ફ્લેશ કરીને લલચાવાય છે : જો એ જોઇને રોકાણકાર રજીસ્ટ્રેશન ના કરાવે તો ગ્રૂપની અજાણી મહિલા સભ્ય સલાહ માંગવાના બહાને ચેટ કરીને પછી રજીસ્ટ્રેશન કરાવવા લલચાવે છે.

ગાંધીનગર, તા.૨૬

હમણાં થોડા સમય પહેલાં કેન્દ્રિય બજેટ પહેલાં દેશમાં ક્રિપ્ટો કરન્સીને માન્યતા આપવામાં આવશે કે નહીં તે અંગે ચર્ચાઓએ જોર પકડ્યું હતું અને નાણાંમંત્રીએ બજેટમાં ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ થકીથયેલી આવક પર ટેક્સની જાહેરાત કરવામાં આવી હતી જેને પગલે સરકારે ક્રિપ્ટોને માન્યતા આપી દીધી હોવાની વાતો ચગી હતી. જોકે પાછળથી સરકારે સ્પષ્ટિકરણ કરવું પડ્યું હતું કે ટેક્સની જોગવાઈનો મતલબ એ નથી કે ક્રિપ્ટોને માન્યતા આપી દીધી. આજે ભારત સહિત દુનિયાભરમાં ક્રિપ્ટો કરન્સીમાં ભરપૂર રોકાણ થઈ રહ્યું છે જેમાં યુવાવર્ગ મોખરે છે. ક્રિપ્ટો કરન્સીમાં સૌથી વધુ લોકપ્રિય બિટકોઈનમાં રોકાણ કરવા યુવા રોકાણકારોને લલચાવવા નવી નવી રીતરસમો જોવા મળે છે. તાજેતરમાં ગાંધીનગરમાં કેટલાંક શહેરીજનોને એવો અનુભવ થઈ રહ્યો છે તેમને સોશિયલ મિડીયા થકી વગર જાણ-ઓળખાણે ગ્રૂપમાં એડ કરીને ક્રિપ્ટોમાં રોકાણ કરવાં લલચાવવા પ્રયાસ કરાયો હોય અને તે કેટલું સુરક્ષિત છે તે અંગે રોકાણકારો અવઢવમાં છે.

તાજેતરમાં શહેરમાં કેટલાંક યુવાનોને તેમના વ્હોટ્સએપ પર બિટકોઈનમાં રોકાણ અને વેપાર કરાવતી કોઈ એજન્સીના અજાણ્યા નંબરથી ગ્રૂપમાં એડ કરી દેવામાં આવ્યાં છે. આ ગ્રૂપમાં શેર બજારની જેમ બિટકોઈનની લેવડ-દેવડ માટેની સલાહ આપતાં અને આ સલાહના આધારે બિટકોઈનમાં નાણાં રોકીને મોટો નફો કમાનારના મેસેજ ફ્લેશ થતાં હોય છે. આ મેસેજ વાંચીને નવા એડ કરાયેલા સભ્યો ખૂબ જ ટૂંકા ગાળામાં અધધ કમાણીથી આકર્ષાય તેઓ ગ્રૂપમાં મુકવામાં આવેલી લિંકથી પોતાનું રજીસ્ટ્રેશન કરીને ખાતું ખોલાવે તેવો પ્રયાસ થતો હોય છે. જો ગ્રૂપનો નવો સભ્યએ અમુક સમય સુધી રજીસ્ટ્રેશન ના કરાવ્યું હોય તો તેના પર પર્સનલમાં ગ્રૂપના જ અન્ય કોઈ સભ્ય જેમાં મોટે ભાગે આકર્ષક પ્રોફાઈલ પિક્ચર સાથેની મહિલા સભ્ય મેસેજ કરીને આ સભ્યની સલાહ માંગે છે જેમાં તે પોતાને બિટકોઈનમાં રોકાણ અંગે કંઈ ખબર પડતી નથી અને ગ્રૂપના સભ્યો જે રીતે નાણાં કમાઈ રહ્યાં છે તે સાચું છે કે નહીં તેમજ તમે રોકાણ કર્યું હોય તો મને પણ સમજાવો કે કેવી રીતે રોકાણ કરાય તેવી સલાહ માંગતા મેસેજ કરે છે. આ મેસેજથી વ્યક્તિને એવું લાગે છે કે આ મહિલા સભ્ય પણ તેની જેમ નવી લાગે છે એટલે તે એની સાથે વાર્તાલાપમાં ઉતરીને આ બાબતે પોતાની અજ્ઞાનતા હોવાનો સ્વિકાર કરે એટલે પેલી મહિલા સભ્ય તેમને એવું કહે કે મેં થોડું રીસર્ચ કર્યુ છે અને તે મુજબ આ સાચું છે અને તેથી તમે પણ રજીસ્ટ્રેશન કરાવો એમ જણાવી તેના રજીસ્ટ્રેશન માટે પર્સનલમાં જ લિંક પણ મોકલી આપે છે જેના આધારે આ નવા રોકાણકારને બિટકોઈન ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવા લલચાવાય છે.

જોકે આ રીતે હજુ શહેરના કોઈ રોકાણકારે લલચાઈને રોકાણ કર્યુ હોય અને તેમાં નુકસાન થયું હોય કે ફોડ થયું હોય તેવી માહિતી પ્રા?ત નથી થવા પામી પરંતુ અજાણ્યા અને ઈન્ટરનેશનલ નંબરોથી આ રીતે સોશિયલ મિડીયા થકી રોકાણ માટે લલચાવતી મોડ્સ ઓપરેન્ડી જોખમી હોઈ શકે છે જે અંગે શહેરના રોકાણકારોએ ખાસ કરીને યુવા વર્ગે સાવધ રહેવું જરૂરી જણાઈ રહ્યું છે.

શું છે ક્રિપ્ટો કરન્સી?

વિશ્વભરમાં કોઈપણ વિનિમય વ્યવહારો માટે મુદ્રા એટલે કે કરન્સીની જરૂર રહેતી હોય છે, જેમકે ભારતમાં રૂપિયો, અમેરિકામાં ડોલર તેમજ ઈંગ્લેન્ડ માં પાઉન્ડ છે. આવી જ રીતે એક નવી કરન્સી હાલ ચર્ચામાં છે જે ડિજીટલ પ્લેટફોર્મ આધારિત છે જેન ક્રિપ્ટો કરન્સી કહેવાય છે જેમાં સૌથી વધુ જાણીતી કરન્સી એટલે બિટકોઈન છે. બિટકોઈનની સ્થાપના ૨૦૦૮માં કરવામાં આવી હતી, જેની ઓળખ હજી અજાણી છે અને તે બ્લોકચેન પર આધારિત છે, જે એક ક્રિપ્ટોગ્રાફિક ખાતાવહી સિસ્ટમને આધારિત કાર્ય કરે છે જેમાં આજ સુધીમાં કરવામાં આવેલા દરેક વ્યવહારને સ્ટોર કરવામાં આવ્યાં હોય છે. ક્રિપ્ટોની વિશ્વસનિયતા અને માન્યતા અંગે હજુ પણ અનેક મતમતાંતર પ્રવર્તી રહ્યાં છે.